# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન • વર્ષ : ૨ • અંક : ૬ • અંક : ૫૮ • તા. ૨૦ જુલાઈ થી ૨૬ જુલાઈ ૨૦૧૯



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.


## શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની મેડિકલ કમિટીની પહેલ

# સંજીવની પેટ્રન સ્કીમ



# સાચો પ્રેમ

**નહીં પારાધી પાસ મેઃ અંગ લગ્યો ન બાણ..**
**મેં તો સે પૂછું બીરબલ, કિસ બિધ છોડે પ્રાણ..?**

બે મરેલા પક્ષીના મૃતદેહ જોઈને અકબર બાદશાહે બીરબલને પુછ્યું : 'કોઈ શિકારી પાસે નથી, અંગ પર કોઈ ઘાવ નથી. આ પક્ષીઓના મોતનું કારણ શું...?''પક્ષીઓના મૃતદેહ પાસે પાણીનું એક નાનું એવું ખાબોચીયું હતું. દુષ્કાળનું વર્ષ એટલે પાણી ક્યાંય મળે નહીં. એમાં આ બંને પક્ષીઓએ થોડું પાણી જોયું... પણ જેટલું પાણી હતું એમાંથી કોઈપણ એકની જ તૃષા શાંત થાય એમ હતી. બંને મૃત્યુ પામ્યા પણ પાણી તો હજુ ભરેલું જ હતું. આ પાણી જોઈને બીરબલે અકબર બાદશાહને જવાબ આપ્યો...

**નીર થોડો હેત ઘણોઃ લાગ્યો પ્રિત કો બાણ..**
**તૂ..પી.. તૂ.. પી.. એમ કહીં, દોનો છોડે પ્રાણ...**

જહાંપનાહ આ બંને પ્રેમીઓ એકબીજાને સાચો પ્રેમ કરતા હતા. પાણી ફક્ત એકને થાય એટલું જ હતું. બંનેના ગળા સુકાતા હતા. છતાં એમનો ત્યાગ મહાન હતો. નરપક્ષી માદાને કહેતો હતો. 'તૂ પી લે.' અને માદા નરને કહેતી હતી 'તૂ પી લે.' અને આમ... તૂ.. પી... તૂ.. પી.. કહેતા બંને એ પ્રાણ છોડી દીધા.''



**નીશિથ આનંદ દંડ**


Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ ઓચ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# બી પોઝિટીવ : હકારાત્મક વલણ અપનાવો

ઘણા વક્તાઓ, ચિંતકો અને સંતમહાત્માઓ શ્રોતાઓને તેમના પ્રવચનમાં હકારાત્મક વલણ ધરાવવાની શીખ આપે છે. પોઝિટીવ વલણ સકારાત્મક વિચાર પ્રવાહ ધરાવવાથી તેનું પરિણામ પણ પોઝિટિવ મળે છે. પોતાના માટે જ નહીં પણ અન્ય પ્રત્યે, સામે વાળાઓ માટે પણ હકારાત્મક વલણ રખવાથી બધું સારૂ થાય છે. જેટલો આપણો અભિગમ વિજ્ઞાનની કે મનની શક્તિઓ પર વિશ્વાસ ભર્યો હશે એ વિચારીને આપણા વલણ કે વિચારને કેળવી શું તો આપોઆપ આપણો અભિગમ પણ સકારાત્મક સાથે શુદ્ધ અને પારદર્શક ભર્યુ બનશે. એ પછી ગમે તેટલા દુ:ખ, કષ્ટ આવશે આપણું વલણ સકારાત્મક હોવાથી તેનું દર્દ શોક કે આઘાતનું વલણ આપણે ન અનુભવી શું. જેટલો અભિગમ કોઈ પરિસ્થિતિ લઈને હકારાત્મક હશે તેટલા આપણે આસાની અને કષ્ટ, યાતનાથી પીડાયા વગર, દુ:ખ ભોગવવાની લાગણી વગર આપણે એનો આસાનીથી સામનો કરી શકીશું.

કોઈ આપણી પ્રત્યે નકારાત્મક લાગણી ધરાવે, ટીકા ટિપ્પણી કરી લાગણી દુભાવે અથવા તો નિંદા-બદબોઈ કરી બીજાઓની સમક્ષ આપણી છબીને ધૂંધળી કરે. આપણું શું? એવું વલણ, એ વાતો તરફ ન જોવાના આપણા પ્રયત્નોથી તે વ્યક્તિ આખરે હતાશ થશે અને અંતે હારી આપણી તરફ આવવાની કોશિષ કરશે.

આપણા વિષે ખરાબ સાંભળી કોઈ વક્તા ભર્યા વાતાવરણથી આપણને જુએ તો 'કઈ નહીં આપણા વિષે સારૂ કે ખરાબ સાંભળ્યું તો છે ને ?' એવા ભાવ આપણને હળવો રાખશે. જેણે નકારાત્મકતા વાત પર ધ્યાન આપવા કરતાં હકારાત્મક વાત શોધી લીધી હશે. તે સહજતાપૂર્વક જીવન જીવી જશે. જેઓ નેગેટિવ વિચારનો બોજ મન અને મગજ પર લઈ રાખ્યો છે. તેઓ સતત તેની ચિંતા તાણમાં રમમાણ રહે છે અને અકળામણ અનુભવતા રહે છે. આમ મનોમસ્તિક પર નકારાત્મક વિચાર વલણ ઘૂમરયા કરતા હોવાથી તે કશે સુખ-શાંતિ અનુભવી શકતા નથી. આખો દિવસ એ જ વસ્તુ એજ દિશા કે દર્શન મળતું નથી. આમ ઘાંચીના બળદની જેમ નકારાત્મક સોચને પકડીને એ ગોળ ગોળ ઘૂમ્યા કરે છે. છતાં ક્યાં પહોંચી શકતા નથી. મંઝિલ હાંસિલ કરી શક્તું નથી. સામે વાળી વ્યક્તિ આપણને અશાંતિ આપે તે આપણે અશાંત થઈ આપણું જીવન અસ્તવ્યસ્ત કરી દઈએ શા માટે ? માટે યોગ્ય રીતે સમજી વિચારીને ચેન્જ લાવીને વલણ બદલાવીને હકારાત્મક, સકારાત્મક બનીએ એ જરૂરી છે. માટે જ બીપોઝિટીવ.

- જય જ્ઞાતિમૈયા

## Sanjivani Patron Scheme

The Sanjivani Patron package is for Community Heroes who want to make a difference by supporting the economically weaker community (member) patient & his family financially during the medical emergency, when they need it most. Even the companies / groups can join the same.

## Why join the Patron Scheme?

- To show your belief in our ancestors who have developed Community Support System
- To show your commitment to your Local Mahajan & Samast Mahajan for the decisions they have taken together
- The real benefit is knowing you are helping to fund, care for patients and families when they need it most.

## Our Gratitude towards our Patrons ?

- A framed certificate to show your support
- Acknowledgment of your support on Website, on Donation Wall for Full Year.
- Social media interactions acknowledging your patronage.
- Quarterly Report on Medical Activities will be shared as E-shot.
- Invitations to special Patrons' events (one event per year).

## What are the different levels of the Patron Scheme?

| DIAMOND | PLATINUM | GOLD | SILVER |
|---|---|---|---|
| Rs. 2 Lacs | Rs. 1 Lacs | Rs. 50K | Rs. 25K |

# Donation Amount is payable one time.

## Performance Report of Samast Medical Committee

- Community Medical Doctor's Directory Launched in Sammelan in Dec-18
- With Support of all Mahajans, Team of Swasth Mitra is formulated. Around 90 Swasth Mitras are registered under the same.
- One Day National Conference for Team of Swasth Mitra was organised on 13th April 19
- **Sanjivani Fund Raising App is launched on April 14th, 2019.**
- Tie-ups with Hospitals & Diagnostic Facilities is continuous activity, all are branded and quality institutes like Metropolis, Wockhardt, Max etc..

## સંજીવની પેટ્રન યોજના

સંજીવની પેટ્રન યોજના આપણા સમાજના આર્થિક રીતે નબળાં વર્ગના કોઈ પણ પરિવારને ગંભીર માંદગીની સ્થિતિમાં આર્થિક સહાય કરવા માટેની યોજના છે. કોઈ પણ વ્યકિત, કંપની કે ગ્રૂપ આ યોજનામાં જોડાઈ શકે છે.

## પેટ્રન યોજનામાં શા માટે જોડાશો?

આપણા સમાજમાં પ્રાચીન સમયથી સમાજના સૌ સભ્યોને મદદરૂપ થવાની ઉમદા મહાજન પરંપરા ચાલતી રહી છે. પેટ્રન યોજના આ જ ભાવનાના આગળ વધીને પરસ્પર સહકાર વિકસાવે છે. આ યોજના આપણા જ સમાજના પરિવારોને તેમને જ્યારે સૌથી વધુ જરૂર હોય ત્યારે મદદરૂપ થાય છે.

## પેટ્રન્સને શુ લાભ મળે છે?

- આપનો સહકાર દર્શાવતું મઢેલું પ્રમાણપત્ર
- વેબસાઇટ પર સમગ્ર વર્ષ દરમિયાન ડોનેશન વોલ પર આપના સહયોગની નોંધ
- સોશિયલ મીડિયા પર આપના સહયોગની નોંધ
- ઇ-શોટ સ્વરૂપે મેડિકલ પ્રવૃત્તિઓનો ત્રિમાસિક અહેવાલ
- ખાસ પેટ્રન્સ માટેની ઇવેન્ટ્સમાં આમંત્રણ (દર વર્ષે એક ઇવેન્ટ)

## સમસ્ત સ્વાસ્થ્ય સમિતિની કામગીરી

- ડિસેમ્બર ૨૦૧૮ના સંમેલનમાં સમાજના ડોક્ટર્સની ડિરેક્ટરી લોન્ચ થઈ
- તમામ મહાજનોના સહયોગથી સ્વાસ્થ્ય મિત્રોની ટીમ રચાઈ. જેની હેઠળ ૯૦ જેટલા સ્વાસ્થ્ય મિત્રો નોંધાયા
- સ્વાસ્થ્ય મિત્રોની એક દિવસની નેશનલ કોન્ફરન્સ એપ્રિલ ૧૩, ૨૦૧૯ના રોજ યોજાઈ
- સંજીવની યોજના માટે ભંડોળ એકત્ર કરવાની એપ એપ્રિલ ૧૪, ૨૦૧૯માં લોન્ચ થઈ
- મેટ્રોપોલિસ, વોકહાર્ટ, મેકસ વગેરે જાણીતી હોસ્પિટલ્સ તથા ડાયગ્નોસ્ટિક્સ ફેસિલિટીઝ સાથે જોડાણની પ્રક્રિયા અવિરત ચાલુ છે.

## ભાવિ આયોજન

- મહાજનોના સહયોગથી શહેરોમાં ડાયાબિટિસ કેર સેન્ટર્સ.
- સમગ્ર સમાજમાં સ્વાસ્થ્ય જાગૃતિ ખાસ કરીને ડાયાબિટિસ, હૃદયરોગ, મેદસ્વિતા અને કેન્સર સંબંધી જાગૃતિ માટે પ્રયાસ.
- મેડિકલ વીમાની જાગૃતિ કેળવીને સમગ્ર સમાજનો વીમો ઉતરાવવો.



Sanjivani App Launch on 14th April 19



Keynote Address by Nishithbhai Dand, National Swasth Mitra Conference



7 Dimensions of Health Session by Dr. Alpa Dalal



Sound Therapy Session by Dr. Patil

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan :** Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.
Email : mahajansamast@gmail.com • www.samastmahajan.org

# મુંબઈના વિવિધ મંડળો મહાજનો સાથે કેડીઓ ગ્લોબલ કાર્ડ માટે વિસ્તૃત ચર્ચા વિચારણા બેઠક થઈ



શનિવાર તા.૨૦ જુલાઈનાં સવારના ૧૦ કલાકે શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઈ અને પરાનાં વિવિધ મંડળોએ મહાજનો સાથે સમસ્ત મહાજન દ્વારા કે.ડી.ઓ. ગ્લોબલ કાર્ડના પ્રમોશન માટેની એક મિટીંગ યોજાઈ હતી.

આ બેઠકમાં ગોરેગાંવ ડોંબિવલી, ઘાટકોપર, વડાલા, વાશી, માટુંગા વગેરેથી પ્રતિનિધિઓ આ સ્કીમ સમજવા માટે પધાર્યા હતા. ગ્લોબલ કાર્ડ સમિતિના ચેરમેન શ્રી કુમાર દંડએ ગ્લોબલ કાર્ડને લીધે થતા ફાયદા અને મેમ્બરશીપ બનવા વિશેની વિસ્તૃત માહિતી આપી હતી.



આ સ્કીમ માટે થનારી અડચણોની છણાવટ કરી તેનો યોગ્ય ઉકેલ કરાયો હતો. આગામી સમય દરમ્યાન ગ્લોબલ કાર્ડ સંબંધમાં અનેક સ્થળોએ વિસ્તૃત સમજ આપવા ગ્લોબલ કાર્ડ સમિતિ દ્વારા બેઠકનું આયોજન કરાશે એવી પણ માહિતી અપાઈ હતી.

# સમસ્ત મહાજનની ટ્રસ્ટ બોર્ડ તથા પેટા સમિતિઓની મિટીંગ સંપન્ન



શનિવાર તા.૨૦ જુલાઈના રોજ બપોરના ૨ કલાકે શ્રી વિરજી જીવરાજ મેપાણી હૉલ મુલુંડ મધ્યે ટ્રસ્ટ બોર્ડની મિટીંગ મળી જેમાં માર્ચથી એપ્રિલ સુધીના સમયકાળ દરમ્યાન દરેક ટ્રસ્ટીઓએ સંસ્થા દ્વારા તેમને સોંપાયેલા કાર્યોની વિસ્તૃત ચર્ચા વિચારણા કરી અને યોગ્ય નિર્ણય લેવાયા હતા.

ત્યારબાદ સાંજે ૪ કલાકે મહાજન દ્વારા નિમાયેલ વિવિધ સમિતિઓના ચેરમેનો તથા ટ્રસ્ટીઓની રિવ્યુ બેઠક મળી હતી. જેમાં દરેક સમિતિના ચેરમેનોએ તેમની સમિતિનો વિસ્તૃત અહેવાલ ટ્રસ્ટ બોર્ડને આપ્યો હતો.

આ મિટીંગમાં મેડિકલ સમિતિ દ્વારા નોંધનીય સ્કીમની જાહેરાત કરાઈ હતી. આ સ્કીમમાં જે મેમ્બરો પેટ્રનસભ્ય થશે તે સભ્યની ઈચ્છા અનુસાર જરૂરતમંદ જ્ઞાતિજનોને મેડિકલ સહાય અપાઈ મદદ કરાશે.





## ટ્રસ્ટબોર્ડની આગામી મિટીંગ તા.૧૮ ઓગસ્ટના કચ્છ મુકામે

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સમસ્ત મહાજનની ટ્રસ્ટ બોર્ડની આગામી મિટીંગ કચ્છ ગાંધીધામ મુકામે રવિવાર તા.૧૮ ઓગસ્ટના યોજાશે. આ મિટીંગ બાદ સર્વ ટ્રસ્ટીઓ અને વિવિધ સમિતિના પદાધિકારીઓ તેમણે સોંપાયેલી કામગીરી, વિસ્તૃત અહેવાલ ત્યાનાં લોકલ રહેવાસીઓને આપશે.

# અનંત પેથોલોજી લેબના સેવાના બે વર્ષ પૂર્ણ







શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના શેઠ શ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત મુંબઈની અનંત પેથોલોજી લેબને સેવાના બે વર્ષ પૂર્ણ થયા. આ સમય ગાળામાં દસ હજાર વ્યક્તિઓએ પેથોલોજી ટેસ્ટીંગનો લાભ લીધો છે. સેવા કાર્યના ભાવને ધ્યાનમાં રાખી રાહત દરથી વ્યાજબી રીતે ટેસ્ટીંગ ચાર્જીસ રખાયા છે. જેને લીધે સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવાર માટે સુવિધા જનક સેવા આપે છે.

બીજી વર્ષગાંઠ અવસરે લેબમાં ઉત્સાહનો માહોલ રહ્યો હતો. મુંબઈ જ્ઞાતિમહાજન મેડિકલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, પદાધિકારીઓ લેબના કાર્ય કરો, સેવકોએ આ અવસરે વિશેષ પૂજા કરી હતી. શ્રી આદિનાથ દાદા તથા શેઠશ્રી નરશીનાથા સમક્ષ દીપ પ્રગટાવી અને પ્રાર્થના સ્મરણ કર્યુ હતું. લેબ પરિસરને બલુન, ડેકોરેટિવ રિબીન તથા તોરણ ફૂલોથી સજાવ્યું હતું. સૌ એકબીજાને હરખથી વધાઈ આપી હતી અને અભિનંદન આપ લે કરી હતી.







શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈના શેઠ શ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત મુંબઈની અનંત પેથોલોજી લેબને સેવાના બે વર્ષ પૂર્ણ થયા. આ સમય ગાળામાં દસ હજાર વ્યક્તિઓએ પેથોલોજી ટેસ્ટીંગનો લાભ લીધો છે. સેવા કાર્યના ભાવને ધ્યાનમાં રાખી રાહત દરથી વ્યાજબી રીતે ટેસ્ટીંગ ચાર્જીસ રખાયા છે. જેને લીધે સામાન્ય અને મધ્યમ વર્ગના પરિવાર માટે સુવિધા જનક સેવા આપે છે.





# અનંત પેથોલોજી લેબના સેવાના બે વર્ષ પૂર્ણ



બીજી વર્ષગાંઠ અવસરે લેબમાં ઉત્સાહનો માહોલ રહ્યો હતો. મુંબઈ જ્ઞાતિમહાજન મેડિકલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, પદાધિકારીઓ લેબના કાર્ય કરો, સેવકોએ આ અવસરે વિશેષ પૂજા કરી હતી. શ્રી આદિનાથ દાદા તથા શેઠશ્રી નરશીનાથા સમક્ષ દીપ પ્રગટાવી અને પ્રાર્થના સ્મરણ કર્યું હતું. લેબ પરિસરને બલુન, ડેકોરેટિવ રિબીન તથા તોરણ ફૂલોથી સજાવ્યું હતું. સૌ એકબીજાને હરખથી વધાઈ આપી હતી અને અભિનંદન આપ લે કરી હતી.

બીજી વર્ષગાંઠની ઉજવણીની ખુશાલીમાં કેડીઓ જ્ઞાતિજનો માટે તા. ૧૩ જુલાઈ શનિવાર રોજ આંખ તથા ડાયાબિટીસ માટે ફ્રી ચિકિત્સા કેમ્પ સુવિધા રખાઈ હતી. આંખ માટે ડૉ કુશલ શાહ તથા ડાયાબિટીસ માટે ડૉ પ્રાંજલ શાહ એ તપાસણી તથા સારવાર કરી હતી. સર્વજનો માટે દંત ચિકિત્સા ફ્રી માં અને પેથોલોજી લેબ ચાર્જમાં ૧૦ ટકા ડિસ્કાઉન્ટ જ્યારે મેટ્રો પોલિસ દ્વારા ચિકિત્સા ચાર્જીમાં ૫ ટકા ડિસ્કાઉન્ટ તા. ૧૩થી ૧૯ જુલાઈ દરમ્યાન અપાયું હતું.

## શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજન જૈન સંઘમાં પાંચ રવિવારી બાળ સંસ્કાર શિબિર

શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજન જૈન સંઘ, શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય ઝવેર રોડ મુલુંડ આંગણે વય ૮ થી ૧૪ ઉંમર સુધીના બાળકો માટે બાળ સંસ્કાર શિબિર તા. ૨૧ જુલાઈ બપોરે ૩ થી ૪.૧૫ પાંચ રવિવાર સુધી આયોજન કરાયું છે. ધર્મ સંસ્કાર અને ભક્તિના સંસ્કાર આપતી શિબિર અવશ્ય ભાગ લેવા બાળકોને પરિવાર વડીલ પ્રેરિત જરૂર કરવા.




ISO 9001:2015
INSURANCE SERVICES
CERTIFIED COMPANY
You're safe in our hands.
SINCE 1977

Bipin Nagda
Insurance & Financial Services
An ISO 9001:2015 Certified Co.
India's Leading Agent
682, Ajanta Compound, Bhiwandi.
Tel.02522-232190/231411/254011
Mob. : 9323525000
Email : bipinpnagda@gmail.com,
Web. : www.bipinnagda.com

VEENA NAGDA BOLLYWOOD MEHENDI QUEEN ACADEMY
મેહંદી ના ઓર્ડર પર લઈ જવા માં આવશે.
CERTIFICATE COURSE
40 Years Experience in Mehendi
All Types of Mehendi & Personality Development
- Basic
- Floral
- Cutwork
- Movie Mehendi
- Figure
- Western
- Portrait
Etc.
Special Discount KDO



BATCH IS STARTING FROM 2ND JAN2019
For Inquiry & Admission Time : 11 am to 4 pm
Working Women's Special Batch on Sunday
OUT OF MUMBAI,INQUIRIES ALSO AVAILABLE.
Add : 52,Anant Niwas,Third floor,
Bhat Bazar,N.N.Street,
Masjid Bunder(W),
Near Railway Station.
Above E.H.kathawala
Call : 9820431717 / 9920641717
Email : veenanagda17@gmail.com
Special Discount For S.S.C
We also book bridal & party orders
www.veenabollywoodmehendi.com

# યુવા ટીમનો મોન્સુન સાઈકલિંગને બીજો તબક્કો સફળતાથી પૂર્ણ



સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની યુવાટીમના ઉપક્રમે તા.૬ શનિવારના મધરાત્રે મુંબઈમાં અને રવિવાર તા.૭ જુલાઈના ચેન્નાઈ, હૈદ્રાબાદ, રાયપુર, ચાલીસગાંવ, ગદગ સ્થળે સવારે ૬ કલાકે વરસતા વરસાદમાં ભીનાશ ભર્યા વાતાવરણમાં મોન્સુન સાઈકલિંગને અનેરો આવકાર યુવા અને વયસ્કો દ્રારા ઉમળકા ભેર મળ્યો.

આજ ઈવેન્ટનો બીજો પાર્ટ તા. ૧૪ જુલાઈ, રવિવારના ઈન્દોર, અમદાવાદ અને વડોદરામાં ઉત્સાહ ભેર સંપન્ન થયો.

ઈન્દોરમાં વહેલી સવારના યુવક યુવતીઓ પોતપોતાની સાઈકલ મોન્સૂન સાઈકલીંગનો હિસ્સો બનવા પહોંચી આવ્યા હતા.







વડોદરા





# યુવા ટીમનો મોન્સુન સાઈકલિંગને બીજો તબક્કો સફળતાથી પૂર્ણ

અમદાવાદમાં કેડીઓ નવયુગ યુથ ફોરમના સાથથી આ આયોજનમાં ૮૦ થી વધુ જણ ભાગ લઈ સાઈકલ સવારી સાથે વહેલી સવારના ખુશનુમા મોસમમાં ટહેલવાનો આનંદ માણ્યો હતો. તેમા કિશોરભાઈ લાલકા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.







ઈન્દોર



અમદાવાદ

મોન્સૂન સાઈકલિંગનો હિસ્સો બનવા ખાસ મુંબઈથી સમસ્ત મહાજનની યુવાસમિતિના કન્વીનર તેજસ ખોના પધાર્યા હતા. અમદાવાદ મહાજન પ્રમુખ નલિનભાઈ મોમાયાએ ગ્રીન સિગ્નલ આપી સ્ટાર્ટ આપ્યો હતો. સાથે મહેન્દ્રભાઈ ખોના, જીતેન્દ્રભાઈ ખોના તથા નિરંજનભાઈ મૈશેરી પણ સહભાગી થયા હતા. નયયુગ યુથ ફોરમના યુવા મેમ્બરો સંદીપ મોતા. દીપેશ શિયાલ અને ગૌરાંગ મૈશરી અને તેમના સાથીઓએ આ નવતર ઈવેન્ટ આયોજનની સંપૂર્ણ જવાબદારી કુશળતાથી સંભાળી હતી.

આવી જ રીતે વડોદરામાં પણ મોન્સૂન સાઈકલીંગને પણ ઉત્સાહજનક પ્રતિસાદ મળ્યો હતો. આમ યુવા કમિટીના નવતર આયોજન અને વિચારને જ્ઞાતિના યુવક યુવતીઓ સહર્ષ વધાવી લઈ ઈવેન્ટને સફળતા અપાવી હતી.

# ભુજ કોવાઈ નગર ઉપાશ્રય મધ્યે ચાતુર્માસ પ્રવેશ થયો





શ્રી ભુજ ક.વી.ઓ. જૈન સંઘ સંચાલિત નવનીત નગર / કોવાઈનગર ઉપાશ્રય મધ્યે તા. ૮ જુલાઈ મંગળવારના પ.પૂ.સાધ્વીજી આનંદ કિરણાશ્રીજી મ.સા. આદિઠાણા-૧ નો ચાતુર્માસ પ્રવેશ થયો. સકળ સંઘના શ્રાવક-શ્રાવિકાઓએ ભાવપૂર્વક સામૈયામાં જોડાયા હતા. ઉપાશ્રયમાં પ્રવેશ બાદ દર્શન-વંદન અને વ્યાખ્યાનનો લાભ લઈ સૌ ધન્ય થયા હતા. આગામી સમયના ચારમાસ સંઘના સાંનિધ્યમાં પ.પૂ.મ.સા.ની નિશ્રામાં ધર્મભક્તિ અને પુણ્ય લાભથી સભર રહેશે.













# મોટી ખાવડી મધ્યે ઉમંગભેર ચાતુર્માસ પ્રવેશ થયો





હાલાર પંથકના મોટી ખાવડી ગામે તા.૧૧ જુલાઈ ૨૦૧૯ ગુરૂવાર દિને પ.પૂ.સાધ્વી ભગવંત મહોદયશ્રીજી મ.સા. આદિ ઠાણા ૪નું ચાતુર્માસ પ્રવેશ ખૂબજ ઉમંગભેર સાથે થયો. સકળ સંઘના અઢળક શ્રાવક-શ્રાવિકાઓ અને ગામજનો પણ ઉત્સાહભેર સામૈયામાં જોડાયા હતા. વાજતે ગાજતે સામૈયો કરી સૌએ પોતાનો હરખ જતાવ્યો હતો. ભક્તિ અને ધર્મના માહોલથી સમગ્ર પરિસર ગાજી ઉઠ્યું હતું.









# બુરહાનપુર નગરે ચાતુર્માસ મંગલ પ્રવેશ







તા.૧૧ જુલાઈ ૨૦૧૯ ગુરૂવારના પાવન તિથિ તારીખ વારે બુરહાનપુર જૈન સંઘ આંગણે અચલગચ્છીય સાધ્વીશ્રીજી પ.પૂ.ભગવંત કલ્પપૂર્ણાશ્રીજી મ.સા. આદિ ઠાણાનો ચાતુર્માસ મંગલ પ્રવેશ વાજતે ગાજતે અને સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓના સાથથી થયો. સૌ ઉત્સાહભેર સામૈયામાં જોડાયા હતા. પૂ.મ.સા.ના દર્શન વંદન અને વ્યાખ્યાન વાણીનો લાભ લઈ કૃતાર્થ થયા હતા.









# વસઈ અચલગચ્છ જૈન સંઘમાં સાધના પીઠિકાની સ્થાપના કરાઈ





તા. ૧૭ જુલાઈ, બુધવારના વસઈ અચલગચ્છ જૈન સંઘમાં આધ્યાત્મ યોગી ગુરૂદેવ શ્રી ઉદયરત્ન સાગરજી મ.સા. અને યુવા ઓજસ્વી પ્રવચનકાર મુનિશ્રી ગુણવલ્લભ સાગરજી મ.સા.ની પાવન નિશ્રામાં ચાતુર્માસ દરમ્યાન સાધના માટે પીઠિકાની સ્થાપના આનંદ અને ઉત્સાહ જોશના માહોલ વચ્ચે કરાઈ. શ્રાવક-શ્રાવિકો ઉમંગ ભેર પરિવાર સહિત લાભ લીધેલ.












# હુબલી સંઘમાં જ્ઞાનસાર ગ્રંથ પર પ્રવચન શ્રેણીનો પ્રારંભ



તા. ૧૭ જુલાઈ, બુધવારના રોજથી હુબલી જૈન સંઘમાં શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનના આંગણે પ.પૂ.મુનિવર ગુરૂદેવ શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.ની પુનિત નિશ્રામાં જ્ઞાનસાર ગ્રંથ પરની પ્રવચન શ્રેણીનો પ્રારંભ થયો. પરમ પાવનકારી ગ્રંથની અષ્ટપ્રકારી પૂજા અને વહોરવાનો લાભ શ્રેષ્ઠી પર્યશ્રી દામજી જાદવજી છેડા પરિવારએ લીધો હતો. વાત્સલ્યવારિધિ મહાતપસ્વી દક્ષિણ રત્ન પ.પૂ.મુનિપ્રવર ગુરૂદેવ શ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.ની પ્રબળ પ્રેરણાની સાથે મંગલ નિશ્રામાં સિધ્ધિતપ આરાધના ભાવના સાથે અતર પારણા રવિવાર તા.૨૧ જુલાઈ બપોરના ૪ કલાકે થશે. જ્યારે તપ પ્રારંભ ૨૨ જુલાઈ સોમવારથી થશે. બન્ને બિયાસણ શ્રી સંઘમાં કરાવાશે. બીજી બધી વાતો એકબાજુ રાખો એક જ વાત યાદ રાખજો. આપણે તો તપ આરાધના શરૂ કરીશું. પુરુતો અજિતનાથ કરાવશે એવી અચલ શ્રધ્ધા વિશ્વાસ સાથે સૌ ભક્તિનો અનેરો લાભ લેશે.













# શ્રી દાદર કચ્છી જૈન સંઘમાં અવનવી અને અઢળક ચાતુર્માસ આરાધનાઓ થઈ રહી છે

શ્રી દાદર કચ્છી જૈનસંઘમાં ચાતુર્માસે બિરાજમાન પ.પૂ.સા.: મહાતરાશ્રી અરૂણોદયશ્રીજી મ.સા. સર્વે સંઘો તેમજ સૌ શ્રાવક, શ્રાવિકાઓને ધર્મલાભ આપે છે. શરીરના અમુક અવયવો કાર્યશીલ નથી છતાંય ચહેરા પર હાસ્ય સાથે આનંદની ઉર્મિઓ હંમેશા તરવરતી હોય છે. તેમની વૈયાવચ્ચ માટે અન્ય સાધ્વીજીઓ શ્રાવક-શ્રાવિકાઓ હાજરાહજુર છે. તેઓ સૌની અનુમોદના.





સંઘના મહાભાગ્યે રજત વર્ષે પ્રવર્તિની પ.પૂ. અરૂણોદયશ્રીજી મ.સા., પ્રવચન કાર પ.પૂ. હિરણ્યગુણાશ્રીજી મ.સા. આદિઠાણાની પાવન નિશ્રામાં અવનવી ચાતુમાર્સિક આરાધનાઓ સુંદર રીતે ભક્તિભાવથી ઉજવાઈ રહી છે.

માતૃહૃદયા પ્રવર્તિની પ.પૂ.અરૂણોદયશ્રીજી મ.સા. સુખશાતામાં છે. સૌને દર્શન-વંદનનો લાભ લેવા વિનંતી. દર રવિવારે સંઘમાં ફૂલ ફેમિલી જ્ઞાન શિબિર, ટર્નિંગ પોઈન્ટ સેશનનું અનોખું આયોજન થઈ રહ્યું છે. જેમાં સહુને સંઘની આરાધનામાં પધારવા સપ્રેમ વિનંતી. મંત્રીઓશ્રી દાદર જૈન સંઘ તરફથી અપાયેલ છે.



# વસઈ સંઘમાં ગુરૂપૂર્ણિમા ઉત્સવ દિને ગુરૂદેવના આશીર્વાદ લેવા ગુરૂભક્તોને મેળો જામ્યો



તા. ૧૬ જુલાઈ મંગળવાર સવારે ૭ થી ૯ કલાકે વસઈ અચલગચ્છ જૈન સંઘમાં ગુરૂ સમર્પણ સમારોહનું આયોજન કરાયું હતું. સાધના સમ્રાટ ગુરૂદેવ ઉદયરત્નસાગરજી મ.સા.ના પાવન સાંનિધ્ય અને ગુરૂવંદના લાભ લેવા ભક્ત જનો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. ત્યાર બાદ ગુરૂદેવ સંકલિત પુસ્તક શ્રી સીમંધર સ્વામી પંચકલ્યાણ પૂજનનું વિમોચન કરાયું. મુંબઈ, સૂરત, વડોદરા, હૈદ્રાબાદ તેમજ વિવિધ ક્ષેત્ર સંઘ માંથી મોટી સંખ્યામાં ગુરૂ ભક્તો પરિવાર સહિત પધાર્યા હતા. ઈન્દિરાબેન નેમચંદ સાલીયા પરિવાર મલાડ લાભાર્થી રહ્યાં હતા. નવકારશી ભક્તિનો લાભ સૌ ઉપસ્થિતોએ લીધો હતો.





# વસઈ નગરે અર્ધમાગધી ભાષા કોર્સનું મંગલ ઉદ્‌ઘાટન





તા ૧૫ જુલાઈ સોમવાર રોજે વસઈ નગરે અધ્યાત્મ યોગી ગુરૂદેવશ્રી ઉદ્યરત્નસાગરજી મ.સા. અને યુવા મુનિશ્રી ગુણવલ્લભસાગરજી મ.સા. આદિઠાણાની નિશ્રામાં શ્રી આર્યરક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠ આયોજીત અર્ધમાગી ભાષા કોર્સનું મંગળ ઉદ્‌ઘાટન કરાયું.

આ સાથે જ સંઘમાં શ્રી આર્ય રક્ષિત જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠના અર્ધમાગધી ભાષાના અધ્યાપિકા કિંજલબેન અને આયુષીબેન પૂજ્યશ્રી મ.સા.પાસેથી આશીર્વાદ લેવા જતી વખતના અર્ધમાગધીના અધ્યાપિકા તેમજ તેમના માતા પિતા તથા વડીલ પરિવારજનોનું બહુમાન ૧૫૦૦ જેટલા ઉપસ્થિત ગુરૂભક્તો, વસઈ વાસીઓએ ઉછળતા ભાવે શુભેચ્છા આપી હતી અને આ બંન્ને સમાજની દીકરીઓ આપણું ગૌરવ છે. એવાભાવ વ્યક્ત કર્યો હતો.

# ભાંડુપ સંઘમાં સમાજ એકતાના દર્શન સાથે ક.વી.ઓ. સંઘમાં ચાતુર્માસ પ્રવેશ



ભાંડુપ જૈન સંઘમાં વર્ષોથી એકતા અને સમજણની સુંદર વ્યવસ્થા ઘડાયેલી છે. અત્રે ક.વી.ઓ. અને ક.દ.ઓ. એમ બંન્ને સમાજના અલગ અલગ જિનાલય છે અને ઉપાશ્રય છે. એક વર્ષે ક.વી.ઓ. સંઘમાં જ્યારે બીજા વર્ષે ક.દ.ઓ. જૈન સંઘમાં ચાતુર્માસ માટે ગુરૂભગવંતો પધારે છે. પણ વ્યાખ્યાન અને આરાધના બંન્ને ઉપાશ્રયોમાં ભવ્યતાથી થાય છે.

આ વર્ષે ક.દ.ઓ. સમાજ સંઘમાં ચાતુર્માસ વારો છે. જ્યાં પ.પૂ.આ.શ્રી વિરાગ ગુણાશ્રીજી મ.સા. બિરાજમાન છે. તા.૧૪ જુલાઈ રવિવારના રોજ ક.વી.ઓ. જૈન સંઘમાં પ્રવેશ કર્યો અને બંન્ને સંઘના શ્રાવક-શ્રાવિકાઓ સાથે મળીને આ પ્રવેશને વધાવ્યો. બંન્ને સંઘ પરસ્પર મળીને ચાતુર્માસ દીપાવે છે. ધર્મ અને એકતાની ભવ્ય ભાવના ચરિતાર્થ કરે છે. જે સૌ અનુમોદનાને પાત્ર છે.









# શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલી દ્વિતીય ઉચ્ચારણ વિધિ સંપન્ન




શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલી આંગણે તા. ૧૮ જુલાઈ ૨૦૧૯, ગુરૂવારના રોજે પ.પૂ.તીર્થગુણાશ્રીજી મ.સા.ની પાવન કારી શુભનિશ્રામાં આનંદ સંપન્ન થઈ. સકળ સંઘના શ્રાવક-શ્રાવિકાઓની ઉમંગભેર ઉપસ્થિતિ અને સહભાગથી ધર્મ, તપ અને ભક્તિનો માહોલ સંઘમાં જામ્યો હતો.







# વડોદરા કેડીઓ સંઘમાં કાર્ડ સજાવટ દ્વારા ગુરૂપૂર્ણિમા ઉજવાઈ







કેડીઓ જૈન સંઘ વડોદરામાં પૂજ્ય હિત પ્રજ્ઞાશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં વિદ્યાપીઠ સંચાલિત શાઈનીંગ સ્ટાર પાઠશાળામાં કાર્ડ સજાવટ કરી ગુરૂપૂર્ણિમાની અનેરી રીતે ઉજવણી કરાઈ હતી. પાઠશાળામાં બાળકો ઉમંગભેર વિવિધ તરહ ડિઝાઈન આકારના કાર્ડ ઉપર સુશોભન કરી. કલર ભાત કરી ગુરૂપ્રેમને વાચા આપી હતી. અને વિવિધ પ્રકારની પ્રાર્થના પ્રેરણાદાયી સૂત્રો, સદ્‌વિચારક સૂત્રો લખ્યા હતા અને પોતાના ગુરૂપ્રત્યેના અઢળક ભાવ વ્યક્ત કર્યા હતા.

# શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજન જૈન સંઘની પાંચ રવિવારી બાળ સંસ્કાર શિબિર

શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજન જૈન સંઘ, શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય ઝવેર રોડ મુલુંડ આંગળે વય ૮ થી ૧૪ ઉપરના બાળકો માટે બાળ સંસ્કાર શિબિર તા. ૨૧ જુલાઈ બપોરે ૩ થી ૪.૧૫ પાંચ રવિવાર સુધી આયોજન કરાયું છે. ધર્મ સંસ્કાર અને ભક્તિના સંસ્કાર આપકી શિબિર અવશ્ય ભાગ લેવા બાળકોને પરિવા વડીલ પ્રેરિત જરૂર કરવા.






# ચાલીસગાંવ સંઘમાં મ.સા.આદિઠાણા–૪ નો ચાતુર્માસ પ્રવેશ







તા. ૧૪ જુલાઈ ૨૦૧૯, રવિવારના ચાલીસગાંવ નગરના જૈન સંઘના આંગણે પ.પૂ. સાધ્વીજી ભગવંત કનકગુણાશ્રીજી મ.સા. આદિઠાણા-૪નો ભવ્ય ચાતુર્માસ થયો. સકળ સંઘના શ્રાવક શ્રાવિકાઓના અનેરા સાથ. ઉમંગથી સામૈયું કરાયું. સંઘના શ્રાવિકાબહેનો શીરે કળશ બેડા ઘરી મ.સા.ના પ્રવેશને ભવ્યતાથી વધાવ્યો હતો. આગામી ચારમાસ ધર્મ ભક્તિ અને તપથી હર્યા ભર્યા રહેશે એનો સૌને આનંદ મંગળ ભાવ રહ્યો હતો.










# વર્ધમાનનગર મધ્યે સાધર્મિક ભક્તિ કેન્દ્રનો પ્રારંભ કરાયો



પ.પૂ.સા.શ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા. શ્રી જિનપ્રિયાશ્રીજી મ.સા. ની શુભ પાવન નિશ્રામાં ચાતુર્માસ દરમ્યાન ૪ માસમાં અત્રે ગુરૂભગવંતોનાં દર્શનાર્થે પધારેલાં સંઘો અને મહેમાનોની સાધર્મિક ભક્તિ તથા એકાસણા, આયંબીલ અને આયંબીલની ઓળી સહિતના દાતાશ્રી કચ્છ સ્ટોન માઈન્સ એન્ડ મિનરલ્સના શ્રી રાજેન્દ્રસિંહ ભાટી, માતૃશ્રી નવલબેન ભાણજી પાસડ (શેરડી-મુલુંડ) હસ્તે શ્રી મહેન્દ્રભાઈ પાસડ, માતુશ્રી મૃદુલાબેન અરવિંદભાઈ વોરા (જામનગર) હસ્તે ચિંતલભાઈ વોરા તથા અન્ય દાતાશ્રીઓના આર્થિક સહયોગથી ચાલનારા સાધર્મિક ભક્તિ કેન્દ્રનું દીપપ્રાગટ્ય કરી જૈન સમાજરત્ન અને પૂર્વ રાજ્યમંત્રી તારચંદભાઈ છેડાએ ખુલ્લુ મુક્યું હતું. સાથો સાથ સ્વાધ્યાય કેન્દ્રનો પ્રારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે વર્ધમાનનગરના સરપંચ જ્યોતિબેન વિકમશી, પંચાયતના સભ્ય દિપકભાઈ લાલન, શિલ્પાબેન મહેતા, આગેવાન રાજેન્દ્રસિંહ ભાટી, ચિંતલભાઈ વોરા, કિરીટભાઈ શાહ, આશિષભાઈ શાહ, અરવિંદભાઈ શાહ અને કેન્દ્રના દાતાશ્રીઓની રહેવાસીઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યાં હતા. આ પ્રસંગે ઉદ્‌બોધન કરતા તારાચંદભાઈ છેડાએ સાધાર્મિક ભક્તિ કેન્દ્રના દાતાશ્રીઓની અંતરની ભાવનાઓને બિરદાવી હતી.

કાર્યક્રમનું સંચાલન અને આભાર વિધિ પ્રબોધ મુનવરે કરી હતી. જ્યારે વ્યવસ્થા હિરાચંદભાઈ છેડા, હરીશભાઈ લોડાયા, દિલીપભાઈ મોતા, ગૌતમભાઈ શાહ, પારસભાઈ શાહ, ધવલભાઈ છેડા, મહેન્દ્રભાઈ લોડાયા વિગેરેએ સંભાળી હતી.

પ.પૂ.સા.શ્રી કૈવલ્યપ્રિયાશ્રીજી મ.સા.એ સ્વાધ્યાય કેન્દ્રના મહિમાની વિસ્તૃતમાં માહિતી આપી તેનો મહિમા સમજાવ્યો હતો. દર રવિવારે ચાલનારા આ સ્વાધ્યાય કેન્દ્રમાં જૈન ધર્મના અષ્ટોતરી, નવસ્મરણસ બે સજાયનું પઠન કરાવી તેનો અર્થ અને સાર સમજાવવામાં આવશે.

આ પ્રસંગે ઉદ્‌બોધન કરતા શ્રી તારાચંદભાઈ છેડાએ જણાવ્યું હતું કે, ખેડૂત ચોમાસાની સીઝનમાં એક કણ વાવી અને હજારો કણનું ઉત્પાદન કરે છે. તેમ ચાતુર્માસના ચાર મહિના દરમ્યાન ગુરૂ ભગવંતો તમને ચેતવશે અને ચેતી જવામાં સાર છે. ચાતુર્માસના ચાર મહિના દરમ્યાન ધર્મ આરાધનાઓ કરી જીવનને ધન્ય બનાવવા જણાવ્યું હતું. આપણા ગુરૂ ભગવંતોના કારણે આપણે સુખી સંપન્ન છીએ. સ્વાધ્યાય કેન્દ્રને શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે સંઘ દ્વારા શ્રી તારાચંદભાઈ છેડાનું શાલ, માળા ઓઢાળીને સન્માન કરવામાં આવ્યું હતું.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | : Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | : Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | : Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | : ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**'
(and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**




● માતાના મઢ જાગીર ટ્રસ્ટ દ્વારા લખપત તાલુકાની ૧૦૮ પ્રાથમિક શાળામાં તેમજ હાઈસ્કૂલમાં ભણતા વિદ્યાર્થીઓને નોટબુકનું વિતરણ દર વર્ષ મુજબ કરાયું. રાજાબાવા યોગેન્દ્ર સિંહજીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ કાર્યક્રમમાં તાલુકાના બાળકોને ૫૧ હજાર જેટલી નોટબુક તેમજ પહેલા ધોરણમાં દાખલ થતા વિદ્યાર્થીઓને સ્કૂલબેગ સહિતની કિટનું વિતરણ કરાયું હતું.

● કચ્છ ઊંટ ઉછેર માલધારી સંગઠન દ્વારા વિશ્વ ઊંટ દિનની ઉજવણી કરાઈ જેમાં આવનારો સમય ઊંટ ઉછેટક માટે સુવર્ણ સમય યુગ હશે એવું કહેવાયું હતું. કચ્છ કુરીયનની ઓળખ ધરાવતા, સરહદ ડેરીના ચેરમેન અને અમૂલના ડાયરેક્ટર વલમજી હુંબલ એ જણાવ્યું હતું કે અત્યાર સુધી અઢીલાખ લીટર ઊંટડીના દૂધનું વેચાણ થયું છે. અને કચ્છ ઊંટ ઉછેરક માલધારીઓને સવા કરોડનું ચૂકવણું કરાયું છે. ઊંટડીના દૂધનો પાવડર બનાવવાની પ્રક્રિયાની વૈજ્ઞાનિક ઢબે ચકાસણી ચાલી રહી છે. ઔષધીપદ ઊંટડીના દૂધના ગુણધર્મો ઓછા ન થાય એ અંગે વૈજ્ઞાનિક ઢબે ચકાસણી ચાલી રહી છે. અત્યારથીજ યુરોપ અને આફ્રિકાના દેશોમાંથી દૂધના પાવડર અંગેની માંગ આવી રહી છે. કચ્છ ઉપરાંત વડોદરા અને સુરતમાં ૫૦૦ એમ એલ પેકમાં ઊંટડીના દૂધનું વેચાણ શરૂ છે. આવનાર સમયમાં ૨૦૦ એમ.એમ.ના પેકિંગમાં અલગ અલગ ફ્લેવર્ડ મિલ્ક બજારમાં લાવવાનું વિચારધીન હોવાની માહિતી કાર્યક્રમનું સંચાલન યુવા માલધારી બહેન વરજુબેન રબારીએ કર્યુ હતું.

● આદિપુરની નવજ્યોત ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આદિપુરની સરકારી માધ્યમિક કન્યા પંચાયતી પ્રાથમિક શાળા ખાતે વિદ્યાર્થીઓની સેનટરી પેડ અને વેન્ડિંગ મશીન આપવામાં આવ્યા હતા. આજની સ્વચ્છ દીકરી, આવતી કાલની સ્વસ્થ નારી કાર્યક્રમ અંતર્ગત આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રસ્ટની મહિલાઓએ વિદ્યાર્થીઓને સ્ત્રી શરીરની સ્વચ્છતા વિષે માહિતી જાણકારી આપી હતી.

● માતા મઢ જાગીર ટ્રસ્ટ દ્વારા લખપત તાલુકાની ૧૦૮ પ્રાથમિક શાળામાં તેમજ હાઈસ્કૂલમાં ભણતા વિદ્યાર્થીઓને નોટબુકોનું વિતરણ દર વર્ષ મુજબ કરાયું. રાજાબાવા યોગેન્દ્ર સિંહજીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ કાર્યક્રમમાં તાલુકાના બાળકોને ૫૧ હજાર જેટલી નોટબુક તેમજ પહેલા ધોરણમાં દાખલ થતા વિદ્યાર્થીઓને સ્કૂલબેગ સહિતની કિટનું વિતરણ કરાયું હતું.

● દુષ્કાળના કારણવશ ભુજ તાલુકાના એક સોથી વધુ ઊંટ માલિકો પોતાના માલ સાથે વનવગડામાં ભટકી રહ્યાં છે. એક તરફ ઉદ્યોગો અને પવન ચક્કીનાં લીધે ઝાડી કપાઈ રહી છે. ઉપરથી દુષ્કાળ ને લીધે ઘાસ-વનસ્પતિ પાણીના સાંસા હોવાને લીધે પશુઓ માટે દિનપ્રતિદિન વસમો કાળ પ્રર્વતે છે. એવું પશુ પાલકો માલધારીઓનું માનવું છે. દૂધાળા ઢોરોને બચાવવા સરકાર દ્વારા પગલા લેવાય છે. ત્યારે ઊંટ, ભેંસ, બકરી જેવા ઉપેક્ષિત પશુઓ માટે સરકાર ક્યારે નજર માંડશે આવો સવાલ પણ તેઓનો છે.

● દક્ષિણ આફ્રિકામાં પહેલું આંતરરાષ્ટ્રીય વોટર મીડિયા ફેસ્ટિવલ ક્લર્સ ઓફ ધ રેઈન્બો નેશનનું આયોજન આગામી સપ્ટેમ્બર માસમાં સાઉથ આફ્રિકાના કેપટાઉન ખાતે થશે. આમાં ભુજમાં ચિત્રકાર લાલજીભાઈ નથુભાઈ જોશીની ચિત્રકૃતિ રબારી પસંદગી પામી છે. ઓન લાઈન એન્ટ્રી વિશ્વભરમાંથી મોકલાયેલ. જેમાંથી ૧૫૧ કૃતિ પસંદગી કરાઈ. તેમાંથી ભારતની ૧૫ કૃતિઓમાં ગુજરાતીની એક માત્ર કૃતિ લાલજીભાઈ જોશીની પસંદગી પાત્ર ઠરી હતી.

● અદાણી કુંના ચેરમેન અને સ્વપ્ન દ્રષ્ય ઉદ્યોગપતિ ગૌતમ અદાણીના જન્મદિવસની મુંદરા, લખપત તેમજ અંજારના ગ્રામ્ય વિસ્તારમાં સેવાકીય પ્રવૃતિ સાથે ઉજવણી કરી ગૌતમભાઈને જન્મ દિવસની શુભકામના પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે ૫૫૫ વૃક્ષોનું વાવેતર ૨૮૦૦ વિદ્યાર્થી ઓને માટે સ્કૂલ કિટનું વિતરણ પાંચ સ્થળે રક્તદાન પેનલ લગાડવાના કામો, પાંચ લેપટોપ વિતરણ ચિત્ર સ્પર્ધા ગ્રીટિંગ કાર્ડ હરિફાઈ વિગેરે પ્રકારના વિવિધ આયોજન દ્વારા સેવા પ્રોત્સાહન પ્રવૃત્તિ કરાઈ હતી. આદણીગ્રુપના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર રક્ષિતભાઈ શાહ વાઈસ પ્રેસિડ્ન્ટ અવિનાશ રાય, અદાણી ફાઉન્ડેશનના વડા પંકિતબેન શાહ સહિત સમગ્રટીમએ આયોજન જવાબદારી પાર પાડી હતી.

# કેડીઓ ટોક્સ નો ૩જો એપિસોડ ડિજીટલ સોશ્યલ મીડિયામાં રીલીઝ થયો




શ્રી સમસ્ત ક.દ.ઓ જૈન મહાજનની મીડિયા કમિટી દ્વારા આ અગાઉ રીલીઝ થયેલ. કેડીઓ ટોક્સના બે એપિસોડની શ્રૃંખલાને આગળ વધારતો ત્રીજો ખંડ-એપિસોડ જ્ઞાતિના વિરલ વ્યક્તિત્વ સેન્ટ્રલ ગર્વમેન્ટ સિવીલ સર્વન્ટ તરીકે પ્રેસ્ટીજ પદ સંભાળતા હાલે જોઈન્ટ કમિશ્નર ઓફ ઈન્કમ ટેક્સ એવા દિલીપભાઈ કુસુમકાંત નાગડા સાથે છૂટા મને વાત કરી છે. એન્કર અને પ્રેઝન્ટર ઉજ્જવલ (શાહ) છેડાએ.



ગાંધીધામમાં જન્મી પ્રાથમિક શિક્ષણથી લોમાં ગ્રેજ્યુએશન ગુજરાતી માધ્યમમાં મેળવનારા સરળ અને સાલસ સ્વભાવના દિલીપ નાગડા જ્ઞાતિના એવા ગણ્યા ગાંઠયા વ્યક્તિઓમાં એક છે. જેઓ સેન્ટ્રલ ગવર્મેન્ટ સિવીલ સર્વીસમાં ઉચ્ચ હોદ્દા પર બિરાજમાન છે. તેમના જીવન સફર અને તળેટીથી ટોચ સુધી પહોંચવાની ગાથા આજના યુવાવર્ગને જરૂર પ્રેરણા દાયક બની રહે એવી છે.

જ્ઞાતિજનો જ્ઞાતિના વિશિષ્ટ મહાનુભાવ, પ્રતિભાશાળી વ્યક્તિત્વ જેઓ પોતાના ક્ષેત્રમાં સિદ્ધહસ્ત ભૂમિકા પ્રદાન કરી આગવું નામ મેળવ્યું હોય. સૌને પ્રેરણારૂપ થાય એવું કામ કર્યુ હોય પછી એ સેવા સમાજજીવન કલા, કૌશલ્ય, સ્પોર્ટસ એડવેન્ચર કે રાજકારણ જેવા ક્ષેત્રમાં હોય તેનું નામ સજેસ્ટ કરે. જેથી તેઓનો કેડીઓ ટોક્સમાં સમાવેશ કરી શકાય. વધુ વિગત માટે જયંત છેડા ૯૩૨૨૨ ૫૭૭૩૧ અથવા મનિષા લાલકા ૯૬૨૦૫ ૪૫૭૩૪ નો સંપર્ક સાધવો.

ડિજીટલ માધ્યમની આ ઈન્ટરવ્યું શૉના ક્રીએટિવ કન્સેપ્ટર અને ડિરેક્ટર જયંત છેડા છે. મિડીયા ટીમમાં ચેરમેન જયંત છેડા, વાઈસ ચેરમેન રાજેશ ધરમશી, સેક્રેટરી મનિષા લાલકા, ટ્રેઝરર મનોજ લોડાયા, ડિઝીટલ મિડીયા હેડ અંકુર ખોના અને વિડિયો ગ્રાફિ તિલક લોડાયા સંભાળે છે. જ્યારે ટીમ મેમ્બર તરીકે રીતેશ ખોના, વર્ષા લોડાયા, ચેતન ખોના, મનિષ ધરમશી, ચાર્મી ખોના, ઉમેશ મોતા, પ્રબોધ મુનવર, લક્ષ્મીકાંત પોલડીયા, મોનિકા ધરમશી, રમેશ મોતા તથા મુકેશ લોડાયા અને મિડીયા ટીમ કન્વીનર તિલકચંદ દંડ છે.

## ગુજરાત સરકાર દ્વારા ૬૯ બિન અનામત જ્ઞાતિઓનું લીસ્ટ જારી કરાયું

ગુજરાત સરકાર દ્વારા ૬૯ બિન અનાયત જ્ઞાતિઓનું લીસ્ટ જારી કરાયું. આ લીસ્ટમાં સમ્લિત જ્ઞાતિવાળાઓને બિન અનામત જ્ઞાતિના સર્ટિફિકેટ અપાશે. જેથી આ જ્ઞાતિના લોકો રાજ્ય સરકારની બિન અનામત વેલ્ફર સ્કીમનો લાભ લઈ શકે. આપણી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિનો ઉલ્લેખ દશા જૈન તરીકે કરવામાં આવેલ છે.

| Sr.No | Entry No As Per Govt. Of.Gujarat | Caste Code | Govt. Resolution | Resolution Date | Caste Name (in guj) |
|---|---|---|---|---|---|
| ૩૮ | ૩૮ | ૨૦૩૮ | ક્રમાંક સશ૫/૧૨૨૦૧૮/૨૧૮૯૨૭/અ | ૦૬/૧૨/૨૦૧૮ | દશા જૈન |



| જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

## જીવન ઘટમાળ

**● જન્મ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૭-૦૬-૨૦૧૯ | મસુર | અનાયા, અંબિકા જય ધરમશી | છાડુરા | પુત્રી |

**● જ્ઞાતિ સગપણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૦-૦૭-૨૦૧૯ | દંતાણી | દીપક ભરત આશારીયા દંડ | દંતાણી | - |
| | ભાંડુપ (પ.) | ગ્રીષ્મા જગદીપ પદમશી લોડાયા | તેરા | - |
| ૧૫-૦૭-૨૦૧૯ | મહેબુબ નગર | સંદીપ જિતેન્દ્ર લક્ષ્મીચંદ મૈશેરી | બાંઢીયા | ૨૨ |
| | હૈદરાબાદ | કૃપાલી લક્ષ્મીચંદ આણંદજી નાગડા | રાપર ગઢવારી | ૨૦ |

**● આંતરજ્ઞાતિ સગપણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૪-૦૭-૨૦૧૯ | ઘાટકોપર (પ) | ગીતા ધવલ અશ્વીન ધુલ્લા | ભરૂડીયા | - |
| | થાણા (પ) | ખુશ્બુ અરવિંદ ગોરી | ભાડાઈ | - |
| ૧૬-૦૭-૨૦૧૯ | ડોમ્બીવલી | વિશાલ રજનીકાંત ધનજી લાલન | નાગલપર | ૨૭ |
| | ડોમ્બીવલી | વૃષ્ટિ કિશોર દામજી ધરમશી | વડાલા | ૨૩ |

**● આંતરજ્ઞાતિ લગ્ન ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૦૯-૦૭-૨૦૧૯ | વડાલા | ભાવિક ગિરીશ કાનજી દંડ | લાખણીઆ | ૩૧ |
| | ચેમ્બુર | ધ્વનિ અરૂણ શામજી છેડા | દેઢિયા | ૩૦ |
| ૧૩-૦૭-૨૦૧૯ | જાલના | ધવલ કિરીટ નેણશી મૈશેરી | જખૌ | ૨૬ |
| | નાગપુર | પ્રજ્ઞા દશરથ તુલશીરામ લાન્ડે | નાગપુર | ૨૬ |

**● મરણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૪-૦૭-૨૦૧૯ | હુબલી | રતીલાલ નારાણજી નાગડા (પટેલ) | નલિયા | ૭૭ |
| ૧૪-૦૭-૨૦૧૯ | કોચીન | ભચીબાઈ શામજી કુરૂવા | બાયઠ | ૯૨ |
| ૧૪-૦૭-૨૦૧૯ | ઘાટકોપર (પ.) | લહેરચંદ કુંવરજી છેડા | નલીયા | ૭૨ |
| ૧૭-૦૭-૨૦૧૯ | ડોંબિવલી | નવીનચંદ્ર મુલજી મોમાયા | બારોઈ | ૭૯ |
| ૧૭-૦૭-૨૦૧૯ | મુલુંડ | રાજન શામજી મોતા | કુઆપધર | ૮૬ |
| ૧૭-૦૭-૨૦૧૯ | ડોંબિવલી | મણિલાલ ભવાનજી લોડાયા | નલિયા | ૭૫ |
| ૧૯-૦૭-૨૦૧૯ | ધુલિયા | ચંદ્રકાંત રાયચંદ મૈશેરી | બાંઢીયા | ૬૯ |
| ૨૦-૦૭-૨૦૧૯ | લલીતપુર | સતીશ લક્ષ્મીચંદ ધુલ્લા | સુથરી | ૬૧ |

# શ્રી અચલગચ્છ જૈન સંઘ અમદાવાદ

શ્રી અચલગચ્છ જૈન સંઘ અમદાવાદમાં ચાતુર્માસની તપ ભક્તિ સાથે ધર્મ આરાધના ભવ્યતાથી ચાલુ છે. ગુરૂવાર તા. ૧૮ જુલાઈથી સૂત્રચરિત્રનું વાંચન આરંભાયું છે. સૂત્રચરિત્રના વાંચન પહેલાં પૂ.ગુરૂદેવ જ્ઞાનની આરાધના કરાવે છે. તા. ૨૧ જુલાઈ રવિવારના પ.પૂ. સાધ્વીજી તત્વગુણાશ્રીજી મ.સા.ની ૫૯મી આયંબિલ ઓળીનું પારણું આવે છે. તે દિવસે સવારે ૬.૪૫ કલાકે નવકારમંત્ર અનુષ્ઠાન, અનુષ્ઠાન મંડળ, ગુણ સૌરભમંડળ અને સામયિક મંડળની બહેનો કરાવશે સવારે ૯ કલાકે પ.પૂ.સા.શ્રી. તત્વપૂર્ણાશ્રીજી મ.સા. ને પારણું વહોરવાનું અને ૯.૧૫થી સંઘ નવકારશી તપ કરાવશે. વીસ દિવસ તા. ૨૨ જુલાઈ સોમવારથી તા. ૧૦ ઓગષ્ટ, શનિવાર સુધી ૨૦ એકાસણા, એકસણા શ્રી સંઘના રસોડે કરાવવામાં આવશે. જેઓ ને આ તપ આરાધનામાં જોડાવવાની ભાવના હોય તેઓ એ પોતાના નામ પ.પૂ.શ્રીગુરૂદેવ પાસે લખાવવા સકળ સંઘના સૌ સંઘ દ્વારા યોજાલો દર કાર્યક્રમમાં વધુમાં વધુ સંખ્યામાં લાભ લેવાનું આમંત્રણ સંઘમંત્રીશ્રી મૂલચંદ નાનજી મારૂ મોનં. ૯૮૨૫૦૦૦૮૭૫ દ્વારા અપાયું છે. ધર્મ ભક્તિ સ્થળ. શ્રીમતી કસ્તુરબેન રવિલાલ સંગોઈ કચ્છ પુનડીવાળા ઉપાશ્રય નવનીત વિવિધ લક્ષી ભવન, કોમલ એન્કલેવ સામે, પી.ટી.ઠક્કર કોલેજ રોડ, ચંદ્રનગર, પાલડી, અમદાવાદ.

# વસઈ જૈનસંઘમાં શાસન રત્ન એવોર્ડ અને બહુમાનોનો કાર્યક્રમ



સાહિત્ય સંશોધક પ.પૂ.ગુરૂદેવશ્રી સર્વોદયસાગરજી મ.સા.ની બીજી પુણ્યાતિથિ નિમિત્તે સમગ્રગચ્છ લેવલે અદ્‌ભૂત અને વિરાટ આયોજન અચલગચ્છ શણગાર ગૌતમગણગુણોદય, કલાભદ્ર, કવિન્દ્ર, વીરભદ્ર, મહોદય સર્વોદય, ચારિત્ર રત્ન, ગુરૂભ્યો નમઃ પૂણ્યતિથિએ અનેક સાધુ સાધ્વીજીઓની નિશ્રામાં તા. ૨૮ જુલાઈ રવિવારનાં વર્ષના ૩૬૫ દિવસમાંથી કમસેકમ ૩૪૦ દિવસ ઉપાશ્રયમાં પ્રતિક્રમણ કરનારા અચલગચ્છીય શ્રાવકનું જાજરમાન બહુમાન આરાધકએ ફોન પર નામ લખાવી સંઘના લેટરહેડ પર નામ લખી વોટ્‌સએપ કરવું સંપક સૂત્ર રોહિતભાઈ પોલડીયા : ૯૮૬૦૮ ૮૯૦૧૨

સમસ્ત મુંબઈના અચલગચ્છીય પૂજા મંડળના તમામ શ્રાવિકાબહેનોનું શાનદાર બહુમાન થશે. જે માટે પૂજા ભણાવનાર મંડળનું નામ અને મેમ્બરોની સંખ્યા શ્રીસંઘના લેટર પર લખીને વોટ્‌સએપ પર નોંધાવવી (સંપર્કસૂત્ર રશ્મિ કુરિયા મોનં. ૯૩૨૦૦ ૪૫૯૦૦) સમગ્ર મુંબઈના અચલચ્છ સંઘોમાં રેગ્યુલર પાઠશાળા ભણાવ નારા ધર્મ શિક્ષિકાબહેનોનું આલિશાન બહુમાન કરાશે. જેમાં સંઘના લેટરપેડ પર લખીને નામ વોટ્‌સએપ પર નોંધાવવા (સંપર્ક સૂત્ર મીરાબેન પોલડિયા મોન. ૮૮૩૦૧ ૫૫૫૬૨)

મુંબઈમાં અચલગચ્છના ૩૮/૩૮ ચાતુર્માસિક નિશ્રા દાતા શ્રમણ-શ્રમણી ભગવંતોના દર્શન વંદનાર્થે આવનારા ૪ થી ૧૪ વર્ષના બાળક-બાલિકાઓને વિશિષ્ટ ગીફ્ટ અપાશે.

સંઘ-શાસન ગચ્છને વર્ષોથી સમર્પિત શ્રદ્ધાવંત ૧૦/૧૦ સુશ્રાવકોને પક્ષને શાસન રત્ન એવોર્ડ દ્વારા જાજરમાન બહુમાન સાંજે અફલાતુન આલિશાન દેવવિમાન તુલ્ય કાયના શ્રી વિમલનાથ જીનાલયના અતિઅદ્‌ભૂત આકર્ષક શણગાર યુક્ત મહાપૂજા અને ઉપાશ્રયમાં જૈનત્વ જાગરણ એક્ઝિબિશન રંગોલીઓ ગુરૂભગવંતોના સાંનિધ્યે વસઈ સંઘમાં યોજાનારા આ એકજ દિવસમાં અદ્‌ભૂત આયોજનોમાં સહભાગી બનવા આળસ પ્રમાદ છોડી આજેજ નામ નોંધાવો. અદ્‌ભૂત નજારો, આલિશાન આયોજનને જોતા જ રહી જશે જન જન.

દક્ષિણ મુંબઈ મહદ્‌મુંબઈ, સેન્ટ્રલ લાઈન વેર્સ્ટન અને હાર્બર લાઈનના કચ્છી પરિવારો પધારશે વસઈમાં શાસન પ્રભાવનો જોરદાર ઈતિહાસ સર્જાશે વસઈમાં.

અચલગચ્છ જૈન દેરાસર ટ્રસ્ટ વસઈ.

વધુ વિગત માટે સંપર્ક ખુશાલ- મો.નં. ૯૩૨૬૩ ૪૦૦૫૯.

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**3, Anant Siddhi Building, Gr.Floor, LBS Marg, Bhandup (West) Mumbai - 78.**




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya Weekly E-magazine KDO